**<u>મહે. અમદાવાદ(ગ્રામ્ય)ના આઠમા અધિક સત્ર ન્યાયાધીશ (પી. પી. જાડેજા) સાહેબની અદાલતમાં મુ. ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)</u>**

નિકાલ તારીખઃ- ૧૮/૦૩/૨૦૨૬
સેશન્સ કેસ નંબરઃ ૦૪/૨૦૨૫

**તહોમતઃ- ઈ. પી. કો. કલમ-૩૦૭, ૩૨૩, ૫૦૬(૨) તથા આર્મ્સ એક્ટની કલમ-૨૫(૧)(બી)(એ) તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાઓ અંગે...**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| **ફરીયાદી તરફે** | **વિ. એ. જી. પી. શ્રી જે. સી. પટેલ** |
| **આરોપી** | નવઘણભાઈ કાળુભાઈ દેવીપુજક<br>રહે.કરીયાણા, પરામાં, તા. ધોળકા,<br>જિ. અમદાવાદ |
| **આરોપી તરફે** | **વિ. વ. શ્રી પી. આર. ચૌહાણ** |

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૪/૦૫/૨૦૨૪ |
| ફરીયાદ દાખલ થયા તારીખ | ૧૪/૦૫/૨૦૨૪ |
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | ૦૨/૧૨/૨૦૨૪ |
| ચાર્જશીટ કમીટ થયા તારીખ | ૨૪/૦૧/૨૦૨૫ |
| તહોમતનામું ઘડ્યા તારીખ | ૧૩/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| જજમેન્ટ જાહેર થયા તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| જો સજા કરવામાં આવી હોય તો તેની તારીખ | --- |

**ચુકાદો**

**૦૧.** આ કામના આરોપી સામે ઈ. પી. કો. કલમ-૩૦૭, ૩૨૩, ૫૦૬(૨) તથા આર્મ્સ એક્ટની કલમ-૨૫(૧)(બી)(એ) તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫ મુજબના ગુના અંગેનું તહોમત ફરમાવવામાં આવેલ છે.

**૦૨.** ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૪/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૧૧-૩૦ વાગ્યાની આસપાસ

આરોપીએ ફરિયાદી તથા સાહેદોને તમે મારા બાપાના ભાગમાં આવેલ ખેતર પચાવી બેઠા તમારે અમને અમારૂં ખેતર આપવાનું છે કે નહી તેમ કહી સાહેદો સાથે ઝપાઝપી કરી, આરોપીએ પોતાના કબજા ભોગવટાની કાર નં. જી.જે.૧.કે.ક્યુ.૦૭૩૪ માં ગેરકાયદેસર વગર પાસ પરમીટની બંદુક લઈ આવી ફરિયાદી તથા સાહેદોના જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદી તથા સાહેદો સામે તાકી જાનથી મારી નાંખવાની ધમકી આપી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરેલ તે મુજબની આરોપી સામે ફરિયાદીએ ઈ. પી. કો. કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૬(૨) તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧)(બી)(એ) તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુના કોઠ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૯૨૦૨૯૨૪૦૧૦૬ થી ફરિયાદ નોંધાવતાં, તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો જણાતાં, આરોપી વિરૂદ્ધ ધોળકાના જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં ચાર્જશીટ રજુ કરતાં તેને ફોજદારી કેસ નં. ૪૫૫૮/૨૦૨૪ થી ફોજદારી કેસ રજીસ્ટરે લેવામાં આવેલ અને સદર ગુન્હો સેશન્સ અદાલત દ્વારા ચલાવવા પાત્ર હોઈ, તે અદાલત દ્વારા સદર કેસ કમીટ કરી અત્રે મોકલી આપતાં તેને સેશન્સ કેસ નં.૦૪/૨૦૨૫ થી રજીસ્ટરે લઈ, કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૦૩.** સદર કામના આરોપીને રજુ કરતાં તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે મળ્યાની ખાત્રી કરી, ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૦૭ ની જોગવાઈઓનું પાલન થયેલ હોવા બદલની ખાત્રી કરી, ચાર્જશીટમાં દર્શાવ્યા મુજબની કલમો અન્વયે મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૮૮(૧)(બી) મુજબ **આંક–૦૬** થી આરોપી વિરૂદ્ધ ઈ. પી. કો. કલમ–૩૦૭, ૩૨૩, ૫૦૬(૨) તથા આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧)(બી)(એ) તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના ગુનાઓનું તહોમતનામું ઘડી, ક્રિમિનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૨૮(૨) મુજબ તે આરોપીને વાંચી, સંભળાવી **આંક–૦૭ થી** આરોપીનું નિવેદન રેકર્ડ કરતાં, આરોપીએ ગુનો કબુલ ન હોવાનું જણાવી

ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી કરવાની માંગણી કરતાં, સદરહું કેસ ફરિયાદપક્ષના પુરાવા પર મુલત્વી રાખવામાં આવેલ.

**૦૪.** ફરિયાદપક્ષના પુરાવા માટે તારીખ નક્કી કરવામાં આવતાં ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૧ મુજબ ફરિયાદપક્ષ તરફથી આરોપી વિરૂદ્ધ તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>ફરિયાદપક્ષ તરફે સાક્ષીઓનો મૌખીક પુરાવોઃ</u>–**

| ક્રમ | નામ | આંક |
|---|---|---|
| ૧ | દલાભાઈ અમરશીભાઈ મકવાણા (ફરિયાદી) | ૦૮ |
| ૨ | સાગરભાઈ અમરશીભાઈ મકવાણા (સાહેદ) | ૧૧ |
| ૩ | પૃથ્વીરાજસિંહ નારૂભા ગોહીલ (ત.ક.અમલદાર) | ૧૨ |

**<u>ફરિયાદપક્ષ તરફે દસ્તાવેજી પુરાવોઃ</u>–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૯ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૩ |
| ૩ | શરીરસ્થિતીનું પંચનામું | ૧૪ |
| ૪ | આર્મ્સ એક્ટના ગુના મુજબની ચાર્જશીટની પરવાનગી માંગતી અરજી | ૧૫ |
| ૫ | ચાર્જશીટ કરવા અંગેનો હુકમ | ૧૬ |
| ૬ | જાહેરનામું | ૧૭ |

**૦૫.** આ કામે ફરીયાદપક્ષ તરફે તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ મદદનીશ સરકારી વકીલશ્રી તરફથી આંક–૧૮ થી ક્લોઝીંગ પુરશીસ રજુ કરી, તેઓનો પુરાવો પૂર્ણ થયેલ હોવાનું જાહેર કરતાં, સદર કામ આરોપીના વિશેષ નિવેદન નોંધવા પર મુલત્વી રાખવામાં આવેલ. ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધતા આરોપીએ સદર કામનો પુરાવો તેઓની હાજરીમાં નોંધવામાં આવેલ હોવાની

હકીકત કબુલ રાખી, ફરિયાદપક્ષના કેસની અન્ય તમામ હકીકતોનો ઈન્કાર કરી, તેઓએ કોઈપણ ગુનો કરેલ ન હોવાની અને તેઓ નિર્દોષ હોવાની હકીકત જણાવેલ છે. વધુમાં, તેઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ–૨૩૩ અન્વયે સાહેદો તપાસવાની તક આપતાં તેઓએ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા ન હોવાનું તેમજ સાહેદો તપાસવા માંગતા ન હોવાનું વિશેષ નિવેદનમાં જાહેર કરેલ છે. અંતે સદર કામ પક્ષકારોની દલીલ સાંભળવા માટે મુલતવી રાખવામાં આવેલ.

**૦૬.** સદર કામે ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

૬.૧. ફરિયાદપક્ષ તરફે વિ.એ.જી.પી.શ્રી જે.સી.પટેલે મૌખિક રજુઆત કરેલ છે કે, આ કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાનમાં રાખતાં તથા આ કામે આંક–૧૨ થી ત.ક.અમલદારની જુબાની તથા ફરિયાદ તથા આરોપીના શરીરસ્થિતીનું પંચનામું તથા બનાવવાળી જગ્યાનું પંચનામું બનાવની હકીકતને સંપુર્ણ સમર્થન આપે છે જે હકીકત ધ્યાનમાં રાખતાં ફરિયાદપક્ષે તેનો કેસ પુરવાર કરેલ હોવાનું સ્પષ્ટ જણાય આવે છે. જેથી, ફરિયાદપક્ષ તરફે રજુ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સમગ્રપણે ધ્યાને લઈ, આરોપીને દોષીત ઠરાવી સજા કરવા અરજ કરેલ છે.

૬.૨. આરોપી તરફે રજુઆત છે કે, આ કામના ફરિયાદી ફરિયાદપક્ષને સમર્થન આપતાં નથી તેમજ સાહેદ પણ ફરીયાદપક્ષને સમર્થન આપતા નથી. વધુમાં, ત.ક.અમલદારની જુબાનીને ફરિયાદી તથા સાહેદો સમર્થન આપતાં નથી જેથી ત.ક.અમલદારની જુબાની પરથી આરોપીએ ગુનો કરેલ હોવાનું માની શકાય નહી. જેથી, સદર તમામ હકીકત ધ્યાને લઈ, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૦૭.** સદર કામે પક્ષકારો તરફે વિદ્ધાન વકીલશ્રીઓ દ્ધારા કરવામાં આવેલ દલીલો, ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતાં, આ કેસના આખરી નિરાકરણ માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દાઓ**

**મુદ્દા નં. (૧)** શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૦૪/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૧૧-૩૦ વાગ્યાની આસપાસ આરોપીએ ફરિયાદી તથા સાહેદોને તમે મારા બાપાના ભાગમાં આવેલ ખેતર પચાવી બેઠા તમારે અમને અમારૂં ખેતર આપવાનું છે કે નહી તેમ કહી સાહેદો સાથે ઝપાઝપી કરી, આરોપીએ પોતાના કબજા ભોગવટાની કાર નં. જી.જે.૧.કે.ક્યુ.૦૭૩૪ માં ગેરકાયદેસર વગર પાસ પરમીટની બંદુક લઈ આવી ફરિયાદી તથા સાહેદોના જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદી તથા સાહેદો સામે તાકી જાનથી મારી નાંખવાની ધમકી આપી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરવામાં મદદગારી કરેલી તે મુજબની આરોપી સામે ફરિયાદીએ ઈ. પી. કો. કલમ-૩૦૭, ૩૨૩, ૫૦૬(૨) તથા આર્મ્સ એક્ટની કલમ-૨૫(૧)(બી)(એ) તથા જી. પી. એક્ટની કલમ-૧૩૫ મુજબ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

**મુદ્દા નં. (૨)** શું હુકમ?

**૦૮.** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

## --નિર્ણયના કારણો--

**મુદ્દા નંબર ૦૧**–

**૦૯.** સદર કામે આરોપી વિરૂદ્ધ ફરિયાદ મુજબનું તહોમત નિઃશંકપણે પુરવાર થાય છે કે કેમ તે માટે ફરિયાદપક્ષના કેસની હકીકત ધ્યાને લેવી જરૂરી બની રહે છે. સદર કામે ફરિયાદપક્ષના કેસની હકીકત મુજબ, તા.૦૪/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૧૧–૩૦ વાગ્યાની આસપાસ આરોપીએ ફરિયાદી તથા સાહેદોને તમે મારા બાપાના ભાગમાં આવેલ ખેતર પચાવી બેઠા તમારે અમને અમારૂં ખેતર આપવાનું છે કે નહી તેમ કહી સાહેદો સાથે ઝપાઝપી કરી, આરોપીએ પોતાના કબજા ભોગવટાની કાર નં. જી.જે.૧.કે.ક્યુ.૦૭૩૪ માં ગેરકાયદેસર વગર પાસ પરમીટની બંદુક લઈ આવી ફરિયાદી તથા સાહેદોના જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદી તથા સાહેદો સામે તાકી જાનથી મારી નાંખવાની ધમકી આપી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરેલ છે તે મુજબની ફરિયાદ છે.

**૧૦.** ઉપરોક્ત ફરિયાદની હકીકત ધ્યાનમાં રાખતાં તથા રજુ થયેલ પુરાવા ધ્યાનમાં રાખતાં સદર કામ આંક–૦૮ થી ફરીયાદી દલાભાઈ અમરશીભાઈ મકવાણા (દેવીપુજક) નાઓને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તા.૧૫/૦૪/૨૦૨૪ ના રોજ તેઓ તેમની પત્ની અને તેમના દિકરાઓ ઘરે બેઠા હતા તે વખતે ઘણા બધા માણસોનું ટોળું આવી તેમના ઘર આગળ બુમાબુમ કરતાં મારા મારી કરવા લાગેલા. જેમાં તેમને અને તેમના દિકરા સાગરને ઈજાઓ થયેલી અને તેઓએ પી.એચ.સી. કોઠમાં સારવાર મેળવેલી. દરમિયાન તેમના સમાજના માણસો તેમને કોઠ પોલીસ સ્ટેશને લઈ ગયેલાં જ્યાં પોલીસે તેમની પાસે સહી કરાવેલી હતી. તેઓ ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવે છે. ફરીયાદી ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોય તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ ફરીયાદને સમર્થન મળે તેવી કોઇ હકીકત જણાવતા નથી અને ઊલટ તપાસમાં જણાવે છે કે, બનાવ સમયે ખુબ મોટું ટોળું ભેગું થઈ ગયેલ અને તેમાં દોડા દોડી થયેલ તેમાં તેમને પડી

જવાથી તેમને તથા તેમના દિકરાને ઈજા થયેલી. બનાવ સમયે કોઈના હાથમાં કોઈ પણ હથિયાર જોયેલું નહી. તેમને કે તેમના દિકરાને કોઈ પણ વ્યક્તિને કોઈએ કોઈ પણ જાતની ધમકી આપેલ નથી. વધુમાં એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, તેઓ કોઈ ચોક્કસ વ્યક્તિઓને ઓળખી શકે નહી. પોલીસે માત્ર તેમની સહી મેળવી હતી તેઓ પોલીસને કોઈ હકીકત લખાવેલ નહી.

આમ, સદર ફરીયાદીની સોગંદ પરની સરતપાસ તથા ઊલટ તપાસ જોતાં, સદર ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ તેમની સાથે ઝપાઝપી કરેલ હોય કે બંદુક તાકી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનું જણાવેલ નથી. વધુમાં બનાવ સમયે દોડા દોડી થતાં પડી જવાના કારણે તેમને તથા તેમના દિકરાને ઈજા થયેલ હોવાનું સ્વીકારેલ છે. વધુમાં આરોપી સામે આર્મ્સ એક્ટ મુજબનો ગુનો નોંધાયેલ છે પરંતુ બનાવ સમયે આરોપીએ બંદુક ધારણ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનું ફરિયાદી તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં ફરિયાદીનો પુરાવો જોવામાં આવે તો આરોપીએ ફરિયાદી તથા સાહેદોને તમે મારા બાપાના ભાગમાં આવેલ ખેતર પચાવી બેઠા તમારે અમને અમારૂં ખેતર આપવાનું છે કે નહી તેમ કહી સાહેદો સાથે ઝપાઝપી કરી, આરોપીએ પોતાના કબજા ભોગવટાની કાર નં. જી.જે.૧.કે.ક્યુ.૦૭૩૪ માં ગેરકાયદેસર વગર પાસ પરમીટની બંદુક લઈ આવી ફરિયાદી તથા સાહેદોના જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદી તથા સાહેદો સામે તાકી જાનથી મારી નાંખવાની ધમકી આપી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ તેવી કોઇ હકીકત સદર સાહેદની જુબાનીથી ફલીત થતી નથી.

**૧૧.** સદર કામ આંક–૧૧ થી સાહેદ સાગરભાઈ અમરશીભાઈ મકવાણા નાઓને તપાસવામાં આવેલ છે જેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તા.૧૪/૦૫/૨૦૨૪ ના રોજ તેમના ઘરે હાજર હતા અને તેમના ઘરની બાજુમાં આવેલ માતાજીના મઢ બાજુથી બુમાબુમ થતાં તેઓ ત્યાં ગયેલા તે વખતે ઘણા બધા માણસોનું ટોળું માતાજીના મઢ પાસે હતુ અને

મારા મારી કરવા લાગેલ. તેમના નાનાભાઈ દલાને તથા તેમને ટોળના માણસોએ મારા મારી કરતાં અને બુમાબુમ થતાં ગામના માણસો આવી ગયેલા અને ટોળાના માણસોને ભગાડી દીધેલા. ત્યારબાદ તેમના કુટુંબના માણસો તેમને કોઠ પો. સ્ટે. લઈ ગયેલા જ્યાં પોલીસે તેમનું નામ સરનામું પુછ્યું હતુ. તેઓ કોઈ ચોક્કસ વ્યક્તિઓ વિરૂદ્ધ આક્ષેપો કરતી હકીકતો પોલીસને જણાવી હોય તેવું બનેલ નથી. તેમજ તેમને તથા તેમના નાના ભાઈ દલાભાઈને મારનાર ઈસમોને કોણે ઈજાઓ કરેલી તે તેઓ ચોક્કસ કહી શકે નહી. સદર સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોય તેમને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલા અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ ફરીયાદને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવતા નથી. ઊલટ તપાસમાં જણાવે છે કે, બનાવ સમયે ખુબ મોટું ટોળું ભેગું થઈ ગયેલ અને તેમાં દોડા દોડી થયેલ અને તેમાં પડી જવાથી તેમને તથા તેમના ભાઈને ઈજા થયેલી. વધુમાં બનાવ સમયે કોઈના હાથમાં કોઈ પણ હથિયાર જોયેલ નહી. તેમને અને તેમના ભાઈને કોઈ પણ વ્યક્તિને કોઈએ કોઈ પણ જાતની ધમકી આપેલ નથી. વધુમાં જણાવે છે કે, પોલીસે માત્ર તેમની સહી લીધેલી.

સદર સાહેદનો પુરાવો જોવામાં આવે તો બનાવ સમયે બુમા બુમ થતાં તેઓ ત્યાં ગયેલાં હતા અને ઘણા બધા માણસોનું ટોળું માતાજીના મઢ પાસે હતુ અને મારા મારી કરવા લાગેલ તે સિવાય તેમને કોઈ માહિતી નથી. બનાવમાં આરોપીએ મારા મારી કરેલ હોય અને તેના કારણે ઈજા થયેલ હોય કે આરોપીએ મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું સાહેદની જુબાની પરથી જણાતું નથી. વધુમાં બનાવ સમયે આરોપીએ બંદુક ધારણ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનું સાહેદ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ નથી. વધુમાં સાહેદનો પુરાવો જોવામાં આવે તો આરોપીએ ફરિયાદી તથા સાહેદોને તમે મારા બાપાના ભાગમાં આવેલ ખેતર પચાવી બેઠા તમારે અમને અમારૂં ખેતર આપવાનું છે કે નહી તેમ કહી સાહેદો સાથે ઝપાઝપી કરી, આરોપીએ પોતાના કબજા ભોગવટાની કાર નં. જી.જે.૧.કે.ક્યુ.૦૭૩૪ માં ગેરકાયદેસર વગર પાસ પરમીટની બંદુક લઈ આવી ફરિયાદી તથા સાહેદોના જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદી તથા

સાહેદો સામે તાકી જાનથી મારી નાંખવાની ધમકી આપી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ તેવી કોઇ હકીકત સદર સાહેદની જુબાનીથી ફલીત થતી નથી.

**૧૨.** વધુમાં આંક–૧૨ થી ત. ક. અમલદાર પૃથ્વીરાજસિંહ નારૂભા ગોહીલને તપાસવામાં આવેલ છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો સદર ગુનાની તપાસ તેઓને સોંપતા તેઓએ બનાવવાળી જગ્યાનું પંચનામું તથા આરોપીની શરીરસ્થિતીનું પંચનામું કરેલ. ત્યારબાદ લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલા તથા ઈજા પામનારના સારવારના સર્ટીફીકેટો મેળવેલા ત્યારબાદ મુદ્દામાલ એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલેલ. વધુમાં બનાવ સમયે જાહેરનામું અમલમાં હોય જાહેરનામાની એક નકલ પણ ચાર્જશીટ સાથે સામેલ રાખેલ અને આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ.

આમ, સદર ત.ક.અમલદારની જુબાની જોતાં, તેઓને સદર ગુનાની ફરિયાદ મળતાં તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તથા ગુનાવાળા સમયે કપડા કબજે કરેલ તથા આરોપીને હાજર થતાં તેઓની અટક કરેલ અને આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળતાં ચાર્જશીટ કરેલ. સદર સાહેદને ગુનાની ફરિયાદ મળતાં તેઓએ તેમની ફરજના ભાગરૂપે કામગીરી કરેલ છે તથા તે મુજબની જુબાની આપેલ છે. પરંતુ સદર સાહેદની જુબાનીને ફરિયાદી કે ઈજા પામનાર સાહેદ દ્વારા સમર્થન મળતું નથી. કારણ કે ફરિયાદી તથા ઈજા પામનાર સાહેદ બનાવની હકીકતને સમર્થન આપતાં નથી અને હાલના આરોપીએ બંદુક જેવું હથિયાર ધારણ કરી, ફરિયાદી તથા સાહેદ પર પ્રાણઘાતક હુમલો કરી, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત તેઓના પુરાવા પરથી પુરવાર થતી નથી. જેથી ત.ક.અમલદારની જુબાની પરથી ફરિયાદ મુજબની હકીકતો પુરવાર થતી નથી. જેથી એકમાત્ર ત.ક.અમલદારની જુબાની પરથી આરોપીએ ફરિયાદમાં જણાવેલ ગુનો કરેલ હોવાનું માની શકાય નહી.

**૧૧.** આમ, સદર કામે ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબનો પુરાવો જોતાં ત.ક.અ. ના પુરાવાને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ નથી જેથી તા.૦૪/૦૫/૨૦૨૪ ના રોજ કલાક ૧૧-૩૦ વાગ્યાની આસપાસ આરોપીએ ફરિયાદી તથા સાહેદોને તમે મારા બાપાના ભાગમાં આવેલ ખેતર પચાવી બેઠા તમારે અમને અમારૂં ખેતર આપવાનું છે કે નહી તેમ કહી સાહેદો સાથે ઝપાઝપી કરી, આરોપીએ પોતાના કબજા ભોગવટાની કાર નં. જી.જે.૧.કે.ક્યુ.૦૭૩૪ માં ગેરકાયદેસર વગર પાસ પરમીટની બંદુક લઈ આવી ફરિયાદી તથા સાહેદોના જાનથી મારી નાંખવાના ઈરાદે ફરિયાદી તથા સાહેદો સામે તાકી જાનથી મારી નાંખવાની ધમકી આપી, મહે. જિલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરેલ હોવાની હકીકત ફરિયાદપક્ષના પુરાવાથી નિઃશંકપણે પુરવાર થતી હોવાનું માની શકાય તેમ નથી. ફોજદારી કાયદાના સિદ્ધાંત મુજબ આરોપી વિરૂદ્ધનો કેસ ફરિયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે. સદર કામે ફરિયાદપક્ષે તપાસેલા ફરિયાદી તથા સાહેદને વિમુખ જાહેર કરેલ છે. સદર કામે ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાનું પંચનામું, આરોપીની શરીરસ્થિતીનું પંચનામું રજુ કરેલ છે પરંતુ સદર દસ્તાવેજી પુરાવાઓ ફરિયાદપક્ષે પુરવાર કરેલ નથી. આમ જ્યારે ફરિયાદપક્ષના કેસ સંદર્ભે કોઈ પણ પ્રકારની શંકા ઉભી થાય તો તેવી શંકાનો લાભ આરોપીને મળવા પાત્ર રહે છે. સદર કામે ઉપર કરેલ વિસ્તૃત ચર્ચા મુજબ ફરિયાદપક્ષના કેસ સંદર્ભે મહત્વની બાબતો અંગે સાહેદોના પુરાવામાં પરસ્પર વિરોધાભાષી હકીકતો જણાઈ આવતી હોઈ, ફરિયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ, મુદ્દા નં. ૦૧ નો નિર્ણય નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૦૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## <u>આખરી હુકમ</u>

(૧) આ કામના આરોપી નવઘણભાઈ કાળુભાઈ દેવીપુજક, રહે.કરીયાણા, પરામાં, તા. ધોળકા, જિ. અમદાવાદ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૨૩૫(૧) અન્વયે કોઠ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૯૨૦૨૯૨૪૦૧૦૬ મુજબ ઈ. પી. કો. કલમ-૩૦૭, ૩૨૩, ૫૦૬(૨) તથા

આર્મ્સ એક્ટની કલમ–૨૫(૧)(બી)(એ) તથા જી. પી. એક્ટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીને આદેશ કરવામાં આવે છે કે, તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ) મુજબ હુકમની તારીખથી છ માસની મર્યાદા માટે રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સદ્ધર જામીન સહિતના જાત મુચરકા આપવા.

(૩) મુદ્દામાલ વાહન મારૂતી સુઝૂકી કંપનીની સ્વીફ્ટ ગાડી આર.ટી.ઓ. નં. જી.જે.૦૧.કે.ક્યુ.૦૭૩૪ અંગેનો જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે અપીલ પીરીયડ બાદ કાયમ રાખવો તથા મુદ્દામાલ હથિયાર જામગરી બંદુક શ્રી સરકાર હસ્તકર કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૧૮[મી] , માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા.૧૮–૦૩–૨૦૨૬
સ્થળઃ ધોળકા

**(પી. પી. જાડેજા)**
આઠમા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ(ગ્રામ્ય), મુ. ધોળકા
જી.જે. ૦૦૮૩૨

જે. ડી. ડાભી (પી. એ.)